**આંક : ૮૩ થી વાદી દ્વારા આંક : ૮૧ થી રજુ સર તપસ ના સોગંદનામામાં સુધારો કરવા અંગેની અરજી લગત હુકમ.....**

૧. **વાદી દ્વારા હાલની અરજી એફિડેવિટ થી રજુ કરી અજર કરલે છે કે,** વાદીએ ગઈ તા.૨૫/૦૭/૨૦૨૫ ના રોજ આંક : ૮૧ થી તેઓ ની સરતપાસ રજુ કરલે છે. જે સરતપાસમાં પેરા નં.૧૨ માં પ્રતિવાદી ઓએ તેમના લેખિત જવાબ સાથે આંક : ૩૧ ના લીસ્ટ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા, જેમાં **કોમ્પ્યુટરના ટાઈપીંગ ભૂલના કારણે** આંક : ૩૧ ના લીસ્ટ થી રજુ દસ્તાવેજો અનુક્રમે નં. ૧૦, ૧૧, ૧૧/૨, ૧૩, ૧૩/૨, ૧૪ થી" લખેલું છે **તેની જગ્યાએ** "પ્રતિવાદી ઓએ તેમના આંક : ૩૧ ના લીસ્ટ માર્ક અનુક્રમ નં. ૧૦, ૧૧, ૧૧/૨, ૧૨, ૧૩, ૧૩/૨, ૧૪ થી" ની જગ્યાએ આંક : ૩૧ ના લીસ્ટ થી આંક લખેલ છે, પરંતુ સાચી હકીકતમાં આંક : ૩૧, ના લીસ્ટ થી રજુ દસ્તાવેજો માર્ક તે મુજબ ખરૂ અને સાચું છે. જે અમો આ એફિડેવિટ/સોગંદનામું થી જાહેર કરી છે.

૨. **ઉપરોક્ત અરજી લગત,** પ્રતિવાદી પક્ષે તેઓના વી.વકીલશ્રી દ્વારા સેરો ભરવામાં આવેલ છે, અને દલીલ કરલે છે કે, સુધારો થવા સખ્ત વાધો છે, તથા આવો સુધારો જુબાની લઇ લીધા પછી ના થઇ શકે, જે સોગંદનામાં રીફીર થયેલ હોઈ સોગંદનામું સુધારી શકાય નહી.

૩. **વાદી દ્વારા,** સી.પી.સી ના ક્યાં ઓર્ડર અને કલમ હેઠળ હાલની અરજી રજુ કરવામાં આવેલ છે તે અંગે કોઈ હકીકત તેઓ ની અરજી કે દલીલોમાં જણાવેલ નથી. વધુમાં, હાલની અરજી ધ્યાને લેવામાં આવે અને તેની સાથે વાદી દ્વારા રજુ કરવામાં આવેલ

**આંક : ૦૧** નું પ્લીડિંગસ અને, સુધારેલ દાવા અરજી નું પ્લીડિંગસ સાથે રજુ થયેલ **આંક : ૮૧** વાળું પુરાવાનું સોગંદ નામું, ધ્યાને લેવામાં આવે તો, પેરા નં. ૧૨ માં **"આંક : ૩૧ ના લીસ્ટથી આંક – ૧૦, ૧૧, ૧૧/૨, ૧૩, ૧૩/૨, ૧૪ થી અનુક્રમે તે રીતે ઉલ્લેખ થયેલ છે જેની જગ્યાએ,** વાદી ની મુખ્ય દલીલ છે કે, સરત ચૂક થી, **માર્ક તરીકે ઉલ્લેખ કરવાની જગ્યાએ** દસ્તાવેજ ને **આંક તરીકે ઉલ્લેખ થયેલ છે.**

૪. બાદ, વાદીની દલીલ અને અરજ મુજબ **ટાઈપોગ્રાફિક બોનાફાઈડ મિસ્ટેક છે** અને તે સુધારો કરવા માટે હાલની અરજી રજુ કરલે છે. જયારે, પ્રતિવાદીની રજૂઆત છે કે, વાદી કોર્ટને ગુમરાહ કરવાની મનોવૃતિ વાળા છે અને, આ અગાઉ અત્રેની કોર્ટમાં આંક – ૭૫ થી મૂળ દાવા અરજીમાં સુધારો કરી અને જે દાવા અરજીમાં સર્વે નંબર નો ઉલ્લેખ કરી હાલનો દાવો લાવામાં આવેલ છે તે સર્વે નં કોર્ટને ખોટો જણાવી ખોટું કોઝ ઓફ એક્શન ખોટા સર્વે નંબરનું ઉભું કરી હાલનો દાવો લાવેલ છે અને જે બાદમાં અત્રેની કોર્ટના પુરોગામી ન્યાયાધીશ શ્રી સમક્ષ પ્રતિવાદી દ્વારા સાચી હકીકત લેખિત જવાબમાં રજુ કરતા, વાદીએ આંક : ૭૫ થી સુધારા અરજી રજુ કરી અને તકરારી વિષય વસ્તુ મિલકત દાવા અરજીમાં ખોટી જણાવેલ હોઈ તે સુધારો કરવા અરજી કરલે છે અને, જે નામદાર કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવેલ છે આમ હાલના વાદી બોના ફાઈડ નહી પરંતુ ઈરાદા પૂર્વક ખોટું પ્લીડિંગસ રજુ કરી અને બાદમાં પ્લીડિંગસ માં સુધારા કરાવી દાવા ની વિષય વુસ્તુ અને હકીકતો બદલવાની ટેવ વાળા અન મેલાફાઈડ ઈન્ટેન્સન થી કરતા હોવાનું જણાતું હોઈ હાલની અરજી પણ વાદી એ ખોટી કરલે છે. હાલ વાદીના સાહેદની ઉલટ તપાસ પૂર્ણ થયેલ નથી અને, ઉલટ તપાસ પૂર્ણ થયેથી વાદી જો કોઈ બોનાફાઈડ મિસ્ટેક

હોઈ તો કોર્ટ સમક્ષ રજૂઆત કરી પરવાનગી મેળવી તેઓના સાહેદની ઉલટ તપાસ કરી શકે છે તેમ છતાં પુરાવાના કાયદા ને ધ્યાને રાખી યોગ્ય હુકમ કરવા અરજ છે.

૫. **ઉપરોક્ત બન્ને,** પક્ષકારો ની દલીલો સાથે, **સી.પી.સી ઓર્ડર – ૧૮ ની જોગવાઈ સાથે, કલમ – ૧૫૨ સાથે, કલમ – ૧૫૧ ની** જોગવાઈ ધ્યાને લેતા, અહી નોધવું જરૂરી છે કે, **આંક – ૭૫** લગત અત્રેની કોર્ટ દ્વારા મેરીટ પર પુરોગામી ન્યાયાધીશ શ્રી દ્વારા હુકમ કરવામાં આવેલ છે જેને પ્રતિવાદી પક્ષે કોઈ ચેલેન્જ કરલે નથી. જયારે, હાલની અરજી મૂળ **આંક : ૮૧** થી વાદીના સોગંદનામા પર જાહેર કરેલ હકીકતોમાં સરત ચૂક થી પ્રતિવાદીએ રજુ કરેલ દસ્તાવેજી પૂરાવા લીસ્ટ **આંક : ૩૧** વાળા આધારો ને સંબોધવામાં વાદી એ આંક પડેલ ના હોવા છતાં માર્ક નો ઉલ્લેખ કરવાની જયાએ આંક તરીકે દર્શાવેલ છે અને તે બોનાફાઈડ મિસ્ટેક અને ટાઈપો ગ્રાફિકલ મિસ્ટેક હોવાનું જણાઈ આવે છે વધુમાં, વાદી એ તેઓના **આંક : ૮૧** ના સર તપાસના સોગંદનામાં માં તે દસ્તાવેજી આધારોને, પેરા નં.૧૨ માં વધુમાં પ્લીડિંગસ/પુરાવાઓ આપેલ છે કે, **"આંક – ૩૧ ના લીસ્ટથી આંક – ૧૦, ૧૧, ૧૧/૨, ૧૨, ૧૩, ૧૩/૨, ૧૪ થી અનુક્રમે ગામ નમુના ૮(અ), ગામ નમુના નં.૧૨, ૭ ગામ નમુના ૧૨ ગામ નમુના ૮(અ) ગામ નમુના ૧૨, ૭ ગામ નમુના ૭, ૧૨ ગામ નમુના ૮ વગેરે તમામ દસ્તાવેજી આધાર પુરાવાઓમાં અમો વાદીનું સહમાલિક તરીકે નામ છે અને આ તમામ દસ્તાવેજો અમો કબુલ રાખીએ છીએ તેથી તેને પાકો આંક આપી વાદીના કેસના સમર્થનમાં પુરાવા ગ્રાહ રાખવાની ન્યાયના હિતમાં જરૂર છે."**

૬. **ઉપરોક્ત બન્ને,** પક્ષકારોની રેકર્ડ પર ની લેખિત પ્લીડિંગસ અને દલીલો ઘ્યાને લેતા, સાથે વાદીએ તેઓની આંક : ૮૧ વાળી, રેકર્ડ પર રજુ કરેલ એફિડેવિટમાં પેરા નં.૧૨ માં જણાવેલ હકીકતો ઘ્યાને લેતા, વાદીએ તેમાં આંક : ૩૧ થી પ્રતિવાદીએ રજુ કરલે દસ્તાવેજને માર્ક ની જગ્યાએ આંક તરીકે દર્શાવેલ છે જે ટાઈપોગ્રાફિકલ મિસ્ટેક હોવાનું અને બોનાફાઈડ મિસ્ટેક હોવાનું જણાઈ આવે છે. પરંતુ, સાથે વાદી એ તે તમમાં દસ્તાવેજ ને તેઓ, કબુલ રાખતા હોઈ અને પાકો આંક આપવા અને વાદીના કેસના સમર્થનમાં પુરાવામાં ગ્રાહ્ય રાખવાની જણાવેલ હોઈ જેથી રેકર્ડ પર વાદીએ માત્ર સંબોધનમાં કરેલ બોનાફાઈડ મિસ્ટેક અને ટાઈપોગ્રાફિક મિસ્ટેક હોઈ પરંતુ, તે મિસ્ટેક એક વખત સર તપાસ લગત ઉલટ તપાસ શરૂ થાય દરમ્યાન કે, ઉલટ તપાસ બાદ સુધારા પાત્ર નથી પરંતુ, હાલના દાવાના કામે પ્રતિવાદી દ્વારા વાદીની ઉલટ તપાસ પૂર્ણ થયેલ (અધુરી હોઈ) નથી, અત્રેની કોર્ટને રહેલ વિવેકાધીન સત્તા ને લક્ષે લેતા, એન રેકર્ડ પર કોઈ એમબીગયુંટી ના રહે અને રેકર્ડ પર રજુ પુરાવા અંગે કોઈ મુઝવણ ભવિષ્યમાં ઉપસ્થિત ના થાય અને કોઈ પક્ષ કાર પ્રીજ્યુડાઈઝના થાય અને કેસનો મેરીટ પર નિર્ણય થવા હેતુ, રજુ પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન થવા હેતુ, તથા રજુ પુરાવાનું યોગ્યું પુરાવાના સિદ્ધાંતો અને સી.પી.સી ની જોગવાઈ ને અનુ લક્ષી નોધવા હેતુ, ન્યાયના હિતમાં **સી.પી.સી કલમ – ૧૫૧ સાથે કલમ ૧૫૨ ની જોગવાઈ અને ઓડર – ૧૮** ની જોગવાઈ ઓ ઘ્યાને લઈ, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

**૧. વાદી તરફે આંક – ૮૩, થી રજુ હાલની અરજી ન્યાયના હિતમાં અંશત:મંજુર  કરવામાં આવે છે.**

**૨. વાદી તરફે,** તેઓની **આંક – ૮૧** થી રજુ કરેલ, સરતપાસમાં પ્રતિવાદી દ્વારા આંક –૩૧ થી રજુ કરલે દસ્તાવેજી પુરાવા લીસ્ટને  કબુલ રાખતા હોઈ અને પાકો આંક આપવા અને પુરવામાં ગ્રાહ્ય રાખવા, અરજ કરલે હોઈ જે ધ્યાને લેતા પ્રતિવાદી એ **આંક – ૩૧,** થી રજુ કરેલ દસ્તાવેજ ને પાકો આંક આપવાનો હુકમ કરવામાં આવે છે. જેથી કરી રેકર્ડ પર પુરાવાના કામે કે મૂલ્યાંકન તથા પ્લીડિંગસ ના કામે કોઈ એમ્બીગ્યુંટી રહે નહી.

**૩. વધુમાં,** વાદીને તરફેની દાદ આથી અંશત:મંજુર કરવામાં આવે છે અને, વાદી એ, આંક : ૮૧ થી રજુ કરેલ, વાદીના પુરાવાના સોગંદનામામાં સુધારો કરવાની જગ્યાએ, સપ્લીમેન્ટરી એફિડેવિટ રેકર્ડ પર માત્ર હાલની અરજીમાં માગેલ દાદ પુરતી રજુ કરવા પરવાનગી આપવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ, **આજરોજ તા.૧૫ મી, માહે : જુન, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૫/૦૬/૨૦૨૬**
**સ્થળ : ભિલોડા.**

**(આનંદ એ. દવે)**
**એડી.સિવિલ જજ – ભિલોડા.**
**GJ–01442**